RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 235, Dt.21-12-2024 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ચાર્જેબલ FSI પર ૧૮ ટકા GST વસુલવા દરખાસ્ત

## કેન્દ્ર સરકારની દરખાસ્તથી બિલ્ડરો નારાજ : ફેર વિચારણા કરવા ક્રેડાઈની માંગ: દેશમાં આવાસ ખરીદનારાઓ પર આ અતિરિક્ત ભારણ પડવાથી આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડશે

**મુખ્ય સમાચાર,ગાંધીનગર**

બાંધકામ ક્ષેત્રે અમલમાં આવતા પ્રોજેકટો માટે સ્થાનિક સતામંડળોમાં ચાર્જેબલ એફએસઆઈની જોગવાઈ કરાઈ છે અને ડેવલોપર્સ તે માટે નાણાંની ચૂકવણી કરી પર્ચેઝ એફએસઆઈનો ઉપયોગ કરતા હોય છે. હવે આવી એફએસઆઈ પર કેન્દ્ર સરકારે ૧૮% જીએસટી વસુલ કરવા દરખાસ્ત કરી છે.

આ પ્રકારની જોગવાઈથી મિલકતોની કિંમતમાં નવી જંત્રીના અમલથી જે વધારો થવાનો છે. તે ઉપરાંત ૧૦% વધુ મોંઘી થશે. દેશમાં આવાસ ખરીદનારાઓ પર આ અતિરિક્ત ભારણ પડવાથી લોકોને આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડશે.

કેન્દ્ર સરકારે અખત્યાર કરેલી આવાસ નીતિને મરણતોલ ફટકો પડશે. આથી ચાર્જેબલ એફએસઆઈ પર ૧૮% જીએસટી વસુલવાની દરખાસ્ત પર ફેર વિચારણા કરવા ક્રેડાઈએ ભારપૂર્વક અનુરોધ કર્યો છે.

ક્રેડાઈના ગુજરાતના પ્રેસીડેન્ટ દીપક પટેલે જણાવ્યું હતું કે, બાંધકામ વ્યવસાય ૧૮% જીએસટી લાગુ કરવાની દરખાસ્તથી આ પ્રકારની ચુકવણીઓના કારણે ડેવલોપર્સને અણધારેલી જવાબદારીઓ તથા અતિરિક્ત ભારણ ઉભી કરનાર પુરવાર થશે. તેથી ચાલુ અને પૂર્ણ થયેલા પ્રોજેકટોના ખર્ચમાં આયોજન કરતા વધુ નાણાંકીય જવાબદારી ઉભી થવાના કારણે અનેક પ્રકારની મુશ્કેલીઓ સર્જાશે. રીઅલ એસ્ટેટ ક્ષેત્રે વિકાસની ગતિ થંભી જવાની શકયતાઓ ઉભી થશે.



ક્રેડાઈએ કેન્દ્ર સરકારને કરેલી રજુઆતમાં જણાવ્યું છે કે કાચા માલના વધતા ખર્ચથી ઉદ્યોગો પહેલેથી વધુ પડતા બોજા હેઠળ છે અને આવા વધારાના ચાર્જ સસ્તા હાઉસીંગ પ્રોજેકટને આર્થિક રીતે બિનઉપયોગી બનાવશે અને સંભવિત ભાવમાં ૭થી૧૦% સુધી વધારો થશે.

તેની મધ્યમ વર્ગની ખરીદ શક્તિ પર સીધી અસર પડશે. વિકાસકર્તાઓને જીએસટી પર આઈટીસી મેળવવામાંથી પણ બાકાત રાખવામાં આવ્યા છે તેથી આ પ્રકારના પ્રસ્તાવથી વધુ ખર્ચ અને ડબલ ટેક્સેશન થશે જે કોઈ રીતે યોગ્ય જણાતું નથી.

આ ઉપરાંત જાહેરનામા નંબર ૧૪/૨૦૧૭ અને ૧૨/૨૦૧૭ના સંદર્ભમાં જણાવવાનું કે આ બાબતમાં કાનૂની સ્થિતિ પ્રમાણમાં સીધી છે, જે સ્પષ્ટપણે દર્શાવે છે કે કેન્દ્ર અથવા રાજ્ય સરકારો, સ્થાનિક સતાવાળાઓ અથવા સરકારી સતાવાળાઓ દ્વારા પુરી પાડવામાં આવતી સેવાઓ, બંધારણના અનુચ્છેદ ૨૪૩ડબલ્યુ હેઠળ નગરપાલિકાને સોંપવામાં આવેલા રકાર્યને કાં તો જીએસટીમાંથી મુક્તિ આપવામાં આવશે અથવા તેની વ્યવસ્થા કરવામાં આવશે તેથી તેના પર જીએસટી ચાર્જ થશે નહીં.

કલમ ૨૪૩ડબલ્યુ બંધારણના ૧૨માં અનુસૂચી હેઠળ સૂચિબદ્ધ મ્યુનીસીપાલીટીની સતાઓ આપે છે જેમાં ૧. નગર આયોજન સહિતની વિવિધ સંબંધીત એન્ટ્રીઓ સામેલ છે. ૨. જમીનના ઉપયોગ અને ઈમારતોના બાંધકામનું નિયમન ૩. ઝુંપડપટ્ટી સુધારણા અને અપગ્રેડેશન. એફએસઆઈની જોગવાઈ અને વિવિધ શુલ્ક અને ફીની વસુલાત બંધારણના ૧૨મા અનુસૂચીમાં નિર્ધારિત કાર્યોની અંદર આવે છે, તેથી તેને જીએસટીની વસુલાતમાંથી બાકાત રાખવામાં આવે છે.ક્રેડાઈએ કેન્દ્ર સરકારને કરેલી રજૂઆતમાં જણાવ્યુ છે કે કાચા માલના વધતા ખર્ચથી ઉદ્યોગો પહેલેથી વધુ પડતા બોજા હેઠળ છે અને આવા વધારાના ચાર્જ સસ્તા હાઉસિંગ પ્રોજેક્ટ્સને આર્થિક રીતે બિનઉપયોગી બનાવશે અને સંભવિત ભાવમાં ૭ થી ૧૦% સુધી વધારો થશે. તેની મધ્યમ વર્ગની ખરીદ શક્તિ પર સીધી અસર પડશે. વિકાસકર્તાઓને GST પર ITC મેળવા માંથી પણ બાકાત રાખવામાં આવ્યા છે તેથી આ પ્રકારના પ્રસ્તાવથી વધુ ખર્ચ અને ડબલ ટેક્સેશન થશે જે કોઈ રીતે યોગ્ય જણાતું નથી.

# બજેટ પુર્વે જ આડકતરા વેરામાં ફેરફારની મોટી કવાયત હાથ ધરાશે

## ફોર્ટીફાઈડ ચોખા, ગીફટ કાર્ડ પરનો GST ઘટશે: વ્યાપારી વાહનો મોંઘા થશે

**મુખ્ય સમાચાર,ગાંધીનગર**

દેશમાં હવે ચુંટણીના વાતાવરણમાંથી કામચલાવ મુક્તિ અને સંસદનાં શિયાળુ સત્રની સમાપ્તી બાદ હવે શરૂ થયેલી બજેટ તૈયારીઓ વચ્ચે આજે મળનારી જીએસટી કાઉન્સીલની બેઠકમાં અનેક ઉત્પાદનો અને સેવાઓ પરના જીએસટી દરોમાં ફેરફાર થવાની શકયતા છે.

જો કે અગાઉ જે રીતે અલ્ટ્રા લકઝરી ચીજો પર ૩૫%નો નવો જીએસટી દર લાદવાની દરખાસ્ત હતી તેના પર કાઉન્સીલ આગળ વધે છે કે કેમ તેના પર નજર છે તો તેઓ સિનેમાઘરો કે મનોરંજન સ્થળો પર પોપકોર્ન ખાવ છો તેમાં સાદા હોય કે ફલેવર્ડ બન્ને પોપકોર્ન મોંઘા થઈ શકે છે.

આ બેઠકમાં નાણામંત્રી સમક્ષ અનેક એજન્ડા છે અને ખાસ કરીને જે રીતે ફુગાવો ઉંચો છે તે ચિંતા છે. પરંતુ મહત્વનું એ છે કે સરકારની નજર હવે સેકન્ડહેન્ડ, યુઝડ, પ્રી-ઓન તેવી કાર અને ઈલેકટ્રીકલ વ્હીકલ કે જેમાં ૧૫૦૦ સી.સી. સુધીની ક્ષમતા હોય તેના પરનો ટેકસ ૧૨% માંથી ઘટાડીને ૫% કરવા દરખાસ્ત છે. જયારે ૧૫૦૦ સી.સી.થી વધારે પરની આ પ્રકારની કાર કે જે ઈલેકટ્રીક વ્હીકલ પર ૧૮% જીએસટી કરવા દરખાસ્ત છે.

આ ઉપરાંત કંપનીઓ ખાસ કરીને રીટેલ ક્ષેત્રને ગીફટ વૌચર આપે છે તેને જીએસટીમાંથી મુક્તિ અપાઈ શકે છે. આ ગીફટ વૌચર જીએસટી ગુડસની ખરીદીમાં ઉપયોગી હોવાથી તેમાં આ નિર્ણય લઈ શકાય છે. આ ઉપરાંત લાંબા સમયથી ચર્ચામાં છે તે જીવનવીમા જેમાં વ્યક્તિગત એક મર્યાદા સુધીની વિમા પોલીસી રકમ પરનો જીએસટી દુર કરવાની દરખાસ્ત છે.

સેકન્ડ હેન્ડ યુઝડ કાર પર હાલ ૧૨% જીએસટી છે તે ૧૮% કરવાની પણ દરખાસ્ત છે તો ફુડ ડિલીવરી એપ.ને ૧૮% જીએસટી લાગુ થાય છે અને તે ઈનપુટ ટેક્ષ ક્રેડીટ પણ મેળવે છે તેના બદલે ૫%નો ટેક્ષ અને ઈનપુટ ટેક્ષ ક્રેડીટનો લાભ પરત ખેંચી લેવાય તેવી ધારણા છે. નાણામંત્રી નિર્મલા



સીતારામન આ બેઠક માટે આજે જેસલમેર પહોંચી ગયા હતા. ગીફટ કાર્ડને પ્રી-પેઈડ ઈન્સ્ટ્રુમેન્ટની વ્યાખ્યામાં મુકી તેને જીએસટીમાં રાહત આપવાની દરખાસ્ત છે.

આ વૌચર અંગે લાંબા સમયથી તેની વ્યાખ્યાનો વિવાદ છે તેને ગુડસ સપ્લાય તરીકે ગણવામાં આવે છે પણ હાલમાં જ કર્ણાટકમાં જીએસટી અંગે એડવાન્સ રૂલીંગ ઓથોરીટીએ આપેલો ચુકાદો જેમાં વૌચરને ગુડસ તરીકે ગણી ટેક્ષ ને યોગ્ય ગણાવ્યો પછી સરકાર પર દબાણ વધ્યુ છે. વિમા પ્રિમીયમમાં જીવન વીમા પોલીસી પરનું પ્રીમીયમ સસ્તુ કરવા ભારે દબાણ છે.

ખાસ કરીને ૧૮%નો હાલનો ટેક્ષ વધુ પડતો હોવાનો દાવો છે.

# રશિયાના કઝાનમાં ૯/૧૧ જેવો હુમલો

■ યુક્રેનનો ૮ ઈમારતો પર ડ્રોન હુમલો; રેસ્ક્યૂ ઓપરેશન ચાલુ





**મુખ્ય સમાચાર, કઝાન**


રશિયાના કઝાન શહેરમાં શનિવારે સવારે અમેરિકાના ૯/૧૧ જેવો હુમલો થયો હતો. ન્યૂઝ એજન્સી રોઈટર્સના જણાવ્યા અનુસાર કઝાનમાં ૮ ડ્રોન હુમલા થયા હતા જેમાંથી ૬ રહેણાંક ઈમારતો પર થયા હતા. આ હુમલો મોસ્કોથી ૮૦૦ કિલોમીટર દૂર થયો હતો. હજુ સુધી હુમલામાં કોઈના માર્યા ગયા હોવાના સમાચાર નથી.

હુમલાના ઘણા વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે, જેમાં ઘણા ડ્રોન ઈમારતો સાથે અથડાતા દેખાય છે. આ હુમલા બાદ રશિયાના બે એરપોર્ટ બંધ કરી દેવામાં આવ્યા છે.

રશિયાના કઝાન શહેર પરના આ હુમલાની ચર્ચા આખી દુનિયામાં થઈ રહી છે કારણ કે આ જ વર્ષે ૨૦૨૪માં રશિયાના આ શહેરમાં બ્રિક્સ સંમેલન યોજાયું હતું.

૨૦૦૧માં આતંકવાદીઓએ આવી જ રીતે ૪ પ્લેન હાઈજેક કરીને અમેરિકાના વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર હુમલો કર્યો હતો. તેમાંથી ૩ પ્લેન એક પછી એક અમેરિકાની ૩ મહત્વની ઈમારતો પર તૂટી પડ્યા હતા. પ્રથમ ક્રેશ રાત્રે ૮:૪૫ વાગ્યે થયો હતો. બોઈંગ ૭૬૭ વર્લ્ડ ટ્રેડ સેન્ટરના નોર્થ ટાવર સાથે અથડાયું હતું. ૧૮ મિનિટ પછી, બીજું બોઈંગ ૭૬૭ બિલ્ડિંગના સાઉથ ટાવર સાથે અથડાયું હતું.

# નેપાળમાં ૪.૮ની તીવ્રતાનો ભૂકંપ: કેન્દ્ર બિંદુ જુમલા જિલ્લા નજીક નોંધાયું



**મુખ્ય સમાચાર,ગાંધીનગર**

આજે વહેલી સવારે નેપાળમાં જોરદાર ભૂકંપ આવ્યો. જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૮ મપાઈ હતી. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીથી પ્રાપ્ત માહિતી અનુસાર સવારે ૩.૫૯ વાગ્યે ભૂકંપના આંચકા અનુભવાયા હતા જેના કારણે લોકો ફફડી ગયા અને ઊંઘમાંથી ઊઠીને જ ઘર બહાર દોટ મૂકી હતી. જોકે હજુ સુધી ભૂકંપના કારણે જાનમાલના નુકસાનના કોઈ સમાચાર નથી.

૨૦ ડિસેમ્બરના રોજ સવારે ૧૦.૨૯ વાગ્યા સુધીના યુએસજીએસ અપડેટ મુજબ, જુમલાના ઉત્તર પદ્ગમિમાં ૬૨ કિમી પદ્ગમિમાં ૫ની તીવ્રતાનો આંચકો નોંધાયો હતો. જેના કારણે આસપાસના જુમલા, દિપાયલ, દલેખ, બિરેન્દ્રનગર અને દડેલધુરા સુધીના વિસ્તારોમાં આંચકા અનુભવાયા હતા.

નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અને યુનાઈટેડ સ્ટેટ્સ જિયોલોજિકલ સર્વે (યુએસજીએસ) અનુસાર આ ભૂકંપનું કેન્દ્ર જુમલા જિલ્લામાં જમીનની નીચે ૧૦ કિમીની ઊંડાઈએ હતું. માહિતી અનુસાર ભૂકંપના આંચકા અનુભવાયા ત્યારે મોટાભાગના લોકો ઊંઘી રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે નેપાળમાં વારંવાર ભૂકંપ આવે છે. ગયા વર્ષે નવેમ્બર (૨૦૨૩)માં અહીં ૬.૪ની તીવ્રતાનો જોરદાર ભૂકંપ આવ્યો હતો. આ ભૂકંપના કારણે જાનમાલનું ઘણું નુકસાન થયું હતું. ૧૫૦ થી વધુ લોકોના મોત થયા હતા. પશ્ચિમ નેપાળના જારકોટ અને રુકુમ જિલ્લામાં ભારે તારાજી સર્જાઈ હતી. ઘણા મકાનો ધરાશાયી થયા હતા જ્યારે ઘણા મકાનોમાં તિરાડો પડી હતી.

# જર્મનીમા બેકાબુ કારનું તાંડવ : ૧૧ મોત

**મુખ્ય સમાચાર,બર્લિન**

જર્મનીમાં એક મોટી દુર્ઘટના સામે આવી છે. જર્મનીના મેગડેબર્ગમાં શુક્રવારે રાત્રે એક કાર ક્રિસમસ માર્કેટમાં ઘૂસી ગઈ અને લોકોને કચડી નાખ્યા. આ અકસ્માતમાં બાળકો સહિત ૧૧ લોકોના મોત થયા છે. જ્યારે ૬૮થી વધુ લોકો ઘાયલ થયા છે. જર્મન મીડિયાના અહેવાલ મુજબ ડ્રાઈવરની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે જણાવ્યું કે ડ્રાઈવર ભીડમાંથી ૪૦૦ મીટર સુધી તેનું વાહન લઈ ગયો. જર્મન અખબાર વેલ્ટના અહેવાલ મુજબ કારનો ડ્રાઈવર સાઉદી નાગરિક છે.

આ વ્યક્તિ વ્યવસાયે ડોક્ટર છે અને તેની ઉંમર ૫૦ વર્ષની આસપાસ છે. રિપોર્ટમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે તેની પાસે અનેક સૂટકેસ છે, જેની તપાસ કરવામાં આવી અને તેમાં કોઈ વિસ્ફોટક સામગ્રી મળી નથી. ઈમરજન્સી સેવાઓએ ઘાયલોની સંભાળ માટે તંબુ ગોઠવ્યા છે, જ્યારે ૧૦-૨૦ ઘાયલોને તાત્કાલિક સારવાર માટે મેગ્ડેબર્ગ યુનિવર્સિટી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. મેગ્ડેબર્ગના પ્રવક્તાએ જણાવ્યું હતું કે આ ઘટના ઈરાદાપૂર્વક કરવામાં આવેલ હુમલો હોવાનું જણાય છે.

પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું હતું કે મેગ્ડેબર્ગમાં એક કાળી ઈખઠ ઉત્સવની ભીડમાં ઘૂસી ગઈ હતી, જેના કારણે નાસભાગ મચી ગઈ હતી. ડ્રાઈવર પાસે અનેક સૂટકેસ હતી, જેની તપાસ કરવામાં આવી અને કોઈ વિસ્ફોટક સામગ્રી મળી ન હતી. આ ઘટનાના ઈઈઝટ ફૂટેજ સોશિયલ મીડિયા પર સામે આવ્યા છે. આખા રોડ પર બજાર દેખાય છે. જેના કારણે અહીં ભારે ભીડ જોવા મળી રહી છે. ત્યારે અચાનક એક કાર તેજ ગતિએ લોકોને કચડી નાખે છે. કેટલાક લોકો જમીન પર પડી જાય છે જ્યારે કેટલાક ભાગવા લાગે છે.બિલ્ડ અખબારના જણાવ્યા અનુસાર, એક પ્રત્યક્ષદર્શી નાદિને કહ્યું, હું મારા બોયફ્રેન્ડ માર્કો સાથે ચાલી રહી હતી ત્યારે કાર ઝડપથી અમારી તરફ આવી. તે મારાથી અલગ થઈ ગયો. તેણે કહ્યું કે માર્કોને માથા અને પગમાં ઈજા થઈ છે. તેણીને હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી, પરંતુ તેણીને ખબર નથી કે તેઓ તેણીને કયાં લઈ ગયા.



રાજ્યએ હુમલાની નિંદા કરી, પરંતુ ડ્રાઈવરના સાઉદી મૂળનો કોઈ ઉલ્લેખ કર્યો નથી. અબજોપતિ એલોન મસ્ક તેના ૬ એકાઉન્ટ પર પોસ્ટ્સ શેર કરે છે જે ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને રોકવા વિશે વાત કરે છે.


# મધ્યપ્રદેશના એક મકાનમાં ભીષણ આગ લાગતા એક જ પરિવારના ૪ લોકોના મૃત્યુ

## સતત બીજા દિવસે ગંભીર આગ દુર્ઘટના: કલાકોની જહેમત બાદ આગ પર કાબુ મેળવાયો

**મુખ્ય સમાચાર,ભોપાલ**

મધ્ય પ્રદેશના દેવાસ શહેરના નયાપુરા વિસ્તારમાં શનિવારે વહેલી સવારે એક મકાનમાં ભીષણ આગ લાગી હતી. જેમાં એક જ પરિવારના ૪ લોકોના મૃત્યુ નિપજ્યાં હતા.

આ દુર્ઘટનાની જાણ થતાં ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને કલાકોની જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. મૃતકોમાં પતિ, પત્ની અને બે બાળકોનો સમાવેશ થાય છે. મકાનના ગ્રાઉન્ડ ફ્લોર પર ડેરી ચાલતી હતી, જેમાં આગ ફાટી નીકળી હતી અને ધીમે ધીમે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું.



દેવાસમાં આજે વહેલી સવારે નયાપુરા વિસ્તારમાં મદન સોલંકી નામના યુવકના ઘરમાં ભીષણ આગ લાગી હતી. આ ઘટના સવારે ૪.૧૪ વાગ્યે બની હતી. ઘટનાની જાણ થતાં જ મહાનગરપાલિકાની ફાયર વિભાગની ત્રણ ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી હતી અને આગને કાબૂમાં લેવાના પ્રયાસો હાથ ધર્યા હતા. આ આગમાં શ્વાસ રૂંધાવાથી ચાર લોકોના મોત થયા હતા.

આ આગની દુર્ઘટનામાં દિનેશ સુથાર (ઉં.વ. ૩૫), ગાયત્રી સુથાર (ઉં.વ. ૩૦), ઈશિકા (ઉં.વ.૧૦), ચિરાગ (ઉં.વ.૭)નો સમાવેશ થાય છે. આ ઘરમાં દિનેશ તેના પરિવાર સાથે રહેતો હતો. તેમના ૩ માળના મકાનના ગ્રાઉન્ડ ફ્લોરમાં દૂધની ડેરી હતી. ડેરીમાં આગ લાગતા બીજા માળ સુધી પહોંચી હતી. હાલ આગ લાગવાનું કારણ સ્પષ્ટ થયુ નથી, પરંતુ પોલીસ તપાસ કરી રહી છે.મળતી માહિતી અનુસાર ઈંદરગંજ વિસ્તારમાં અજ્ઞાત કારણોને લીધે પેઈન્ટની દુકાનમાં આગ લાગી હતી અને તેની ઉપરના માળનો પરિવાર આગમાં ફસાયો હતો. પરિવારના રેસ્ક્યૂ માટે પોલીસની તરફથી અભિયાન ચલાવ્યું અને સાથે જ તેમને બહાર કાઝવામાં આવ્યા છે. સાથે જ સાત શવને પણ બહાર કાઢવામાં આવ્યા છે.

# ગુજરાતમાં કડકડતી ઠંડી વચ્ચે માવઠું થશે :બુધવારથી ત્રણ દિવસ અનેક વિસ્તારોમાં ઝાપટા પડી શકે છે

**મુખ્ય સમાચાર,અમદાવાદ**

હવામાન નિષ્ણાત પરેશ ગોસ્વામીએ આગાહી કરતા જણાવ્યું કે, રાજ્યમાં ફરી એક વખત માવઠાની શક્યતા છે. ડિસેમ્બરના છેલ્લા સપ્તાહમાં એટલે કે તારીખ ૨૧ થી ૨૮ ડિસેમ્બર સુધીમાં હવામાનમાં પલટો આવશે. અનેક જગ્યા પર વરસાદના ઝાપટા પણ પડી શકે છે.

૨૫, ૨૬ અને ૨૭ ડિસેમ્બર દરમિયાન રાજ્યના અનેક વિસ્તારોમાં ઝાપટા પડી શકે છે. તેનું મુખ્ય કારણ છે કે, અત્યારે ઉત્તર ભારત પર વેસ્ટન ડિસ્ટર્બ પસાર થઈ રહ્યું છે, અને દક્ષિણ ભારતમાં ઈસાનના ચોમાસાનો પ્રભાવ છે. ત્યાં પણ એક મજબૂત વરસાદી સીસ્ટમ બની રહી છે. તે બને પરિબળોના કારણે મધ્ય ઉત્તર રાજસ્થાન પર સાયક્લોનિક સર્ક્યુલેશન બની રહ્યું છે. તેના કારણે ગુજરાતમાં માવઠા અને વરસાદની શક્યતા છે.

૨૨ ડિસેમ્બરથી ગુજરાતના અનેક જિલ્લામાં માવઠું અને વરસાદની શક્યતા છે. ખાસ કરીને ૨૨ ડિસેમ્બરથી ગુજરાતના અનેક વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ થવાનું છે. એટલે વાદળોથી ગુજરાત ઘેરાઈ જશે. તારીખ ૨૫, ૨૬ અને ૨૭ ડિસેમ્બરના રોજ માવઠું પડશે. રાજસ્થાન બોર્ડર નજીકના વિસ્તારોમાં સાબરકાંઠા, બનાસકાંઠા અને અરવલ્લી જિલ્લામાં તેમાં માવઠાની તીવ્રતા વધારે જોવા મળશે.

ઉત્તર ગુજરાતના તમામ ભાગો છે તેમાં મહેસાણા, પાટણ, સાબરકાંઠા જેવા વિસ્તારમાં માવઠાની અસર થશે. અરવલ્લી, મહિસાગર, દાહોદ અને



ગોધરામાં હળવાથી સામાન્ય અને અમુક જગ્યા પર ભારે વરસાદ પડશે. ગાંધીનગર, અમદાવાદની અંદર ભારે ઝાપટા પડે તેવી શક્યતા નહિવત છે.

દક્ષિણ ગુજરાતની વાત કરવામાં આવે તો, વલસાડ, ડાંગ અને નવસારી આસપાસના વિસ્તારમાં સામાન્ય વરસાદી ઝાપટા પડે તેવી શક્યતા છે. આ તમામ પ્રક્રિયાઓ ૨૫, ૨૬ અને ૨૭ ડિસેમ્બર દરમિયાન થાય તેવી શક્યતા છે.

સૌરાષ્ટ્ર કચ્છમાં પાંચ દિવસ સુધી વાદળોથી ઘેરાયેલું રહેશે. કચ્છની અંદર ભારે ઝાપટાની શક્યતા નથી. કચ્છમાં પણ છૂટા છવાયા ઝાપટા પડશે. સૌરાષ્ટ્રના તમામ ભાગોમાં વાદળ છાયુ વાતાવરણ થશે, બોટાદ અને ભાવનગર સાઈટમાં અને અમરેલી વિસ્તારમાં હળવા તેમજ મધ્યમ ઝાપટા થશે. અન્ય વિસ્તારોમાં માવઠાની શક્યતા ઓછી છે. ઉત્તર ગુજરાતને આની અસર વધુ થશે.

# રાજકોટ બારની ચૂંટણીમાં સમરસ પેનલે બોલાવ્યો સપાટો

## પ્રમુખ પરેશ મારૂ અને ઉપપ્રમુખ પદે સુમિત વોરા વિજેતાઃ સામાન્ય કારોબારી પદે પ્રગતિ માકડીયાએ પુરુષ હરિફોને મ્હાત આપી સૌથી વધુ મત મેળવ્યા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગઈકાલે રાજકોટ બાર એસો. ની ચૂંટણીનું મતદાન પૂર્ણ થયાં બાદ સાંજે ૪ વાગ્યાં બાદ મતગણતરી શરૂ થઈ હતી. કુલ ૨૧૨૨ મત પડ્યા હતા. મોડી રાત્રે ૧ વાગ્યા સુધી મતગણતરી ચાલી હતી. જેમાં સમરસ પેનલે બોલાવ્યો સપાટો હતો. પ્રમુખ પદે પરેશ મારૂ અને ઉપપ્રમુખ પદે સુમિત વોરા વિજેતા થયાં હતા.

સમરસ પેનલમાંથી ટ્રેઝરર પદે પંકજ દોંગા, લાયબ્રેરી સેક્રેટરી પદે કેતન મંડને જંગી લીડ મળી હતી. કાર્યદક્ષ પેનલમાંથી સેક્રેટરી પદે સંદીપ વેકરીયા અને જો. સેક્રેટરી પદે જીતેન્દ્ર પારેખને જીત મળી હતી. સામાન્ય કારોબારી પદે પ્રગતિ માકડીયાએ પુરુષ હરિફોને મ્હાત આપી સૌથી વધુ મત મેળવ્યા હતા. રાજકોટ બારની ચૂંટણીમાં સમરસ, એક્ટિવ અને કાર્યદક્ષ પેનલ એમ ત્રણ પેનલ મેદાને હતી. પ્રમુખ પદ માટે પરેશ મારૂ, બકુલ રાજાણી અને દિલીપ જોષી વચ્ચે ત્રિ-પાંખીયો જંગ હતો. ઉપપ્રમુખ પદે સુમિત વોરા, નિરવ પંડ્યા અને મયંક પંડ્યા વચ્ચે ટક્કર હતી. મહિલા અનામત કારોબારી પદે ૪ ઉમેદવાર મેદાને હતા.

ત્રણ પેનલોનું ચિત્ર જોઈએ તો સમરસ પેનલના ઉમેદવારોમાં પ્રમુખ પદે પરેશ મારૂ, ઉપપ્રમુખ પદે સુમિત વોરા, સેક્રેટરી પદે કેતન દવે, જોઈન્ટ સેક્રેટરી પદે ગિરીરાજસિંહ જાડેજા, ટ્રેઝરર પદે પંકજ દોંગા, લાયબ્રેરી સેક્રેટરી પદે કેતન મંડ, મહિલા અનામત કારોબારીમાં રક્ષાબેન ઉપાધ્યાય, કારોબારી સભ્યોમાં પરેશ પાદરીયા, કિશન વાલવા, સંજય ડાંગર, રવિ વાઘેલા, અશ્વિન રામાણી, તુષાર દવે, મુનિશ સોનપાલ અને નિકુંજ શુક્લ તેમજ પ્રગતિ માકડીયાએ ઉમેદવારી નોંધાવી હતી.





એવી જ રીતે એક્ટિવ પેનલમાં પ્રમુખ પદે બકુલ રાજાણી, ઉપપ્રમુખ પદે નિરવ પંડ્યા, સેક્રેટરી પદે વિનેશ છાયા, ટ્રેઝરર પદે રાજેશ ચાવડા, મહિલા અનામત કારોબારી પદે હર્ષાબેન પંડ્યા, કારોબારી સભ્યોમાં રમેશચંદ્ર આદ્રોજા, ધારેશ દોશી, ધર્મેન્દ્ર જરીયા, અનિલ પરસાણા, દીપેશ પાટડીયા, હસમુખ બારોટ, ભાવનાબેન વાઘેલા, વિરેન્દ્રસિંહ ઝાલા ઉમેદવાર હતા.

જ્યારે કાર્યદક્ષ પેનલમાં પ્રમુખ પદ માટે દિલીપ જોશી, ઉપપ્રમુખ પદ માટે મયંક પંડ્યા, સેક્રેટરી પદ માટે સંદીપ વેકરીયા, જોઈન્ટ સેક્રેટરી પદ માટે જીતેન્દ્ર પારેખ, ટ્રેઝરરના પદ માટે કૈલાશ જાની, લાઈબ્રેરી સેક્રેટરીના પદ માટે રવિ ધ્રુવ, મહીલા અનામત કારોબારી સભ્ય પદ માટે રૂપલબેન થડેશ્વર, સામાન્ય કારોબારી સભ્યોના પદ માટે ચિત્રાંક વ્યાસ, મહેશ પુંધેરા, હુસેન હેરંજા, અનિલ ડાકા, હીરેન ડોબરીયા, નીલ શુક્લ, કીશન રાજાણી, સંજય કવાડ, ભાવિક આંબલીયાએ ઉમેદવારી કરી હતી.

સવારે ૯ થી બપોરે ૩ વાગ્યા સુધી ન્યુ ડિસ્ટ્રિક્ટ કોર્ટ બિલ્ડીંગ પ્રથમ માળે મતદાન થયાં બાદ આજે સાંજે ૪ વાગ્યાથી મતગણતરી શરૂ થઈ હતી. જેમાં પ્રથમથી જ સમરસ પેનલ આગળ રહી હતી. કુલ ૩૭૦૪ વકીલ મતદારો હતા. જેમાંથી ૨૧૨૨ વકીલોએ મતદાન કર્યું હતું. પરિણામ જાહેર થયાં બાદ કોર્ટ બિલ્ડીંગ ખાતે ફટાકડા ફોડી, ઢોલ વગાડી સમરસ પેનલે ઉજવણી કરી હતી.

# હાઈકોર્ટના ચુકાદા બાદ કલેક્ટર કચેરીમાં લેન્ડગ્રેબીંગની કામગીરી ઠપ

## નવી ગાઈડલાઈન મુજબ સુનાવણીઃ કલેક્ટર તંત્ર દ્વારા રાજય સરકારનું માર્ગદર્શન મંગાયું

**મુખ્ય સમાચાર,રાજકોટ**

લેન્ડગ્રેબીંગ એકટ અંગે ગુજરાત હાઈકોર્ટના ચુકાદા બાદ હવે નવી ગાઈડલાઈન જાહેર કરાયેલ છે. જે મુજબ હવે આગામી સમયમાં લેન્ડગ્રેબીંગના કેસોની સુનાવણી હાથ ધરવામાં આવનાર છે. હાલ જીલ્લા કલેકટરને લેન્ડગ્રેબીંગની કામગીરી અટકે પડી છે. રાજકોટ જીલ્લા કલેકટર તંત્ર, દ્વારા લેન્ડગ્રેબીંગના કેસોની સુનાવણી માટે રાજય સરકારનું ખાસ માર્ગદર્શન માગવામાં આવેલ છે. કલેકટર તંત્રના સુત્રોએ જણાવ્યું હતું કે લેન્ડગ્રેબીંગના કેસો ચલાવવા માટે હાઈકોર્ટ દ્વારા અલગથી ડીપાર્ટમેન્ટ તૈયાર કરવા



તેમજ અરજદારો પક્ષકારોની વન ટુ વન રૂબરૂ સુનાવણી હાથ ધરી સાંભળવા સહિતના નિયમોની ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે.

લેન્ડગ્રેબીગના કેસો માટે ખાસ સમિતિનું ગઠન અને અલગથી ડીપાર્ટમેન્ટમાં જરૂરી કર્મચારીઓનું મહેકમ રાખવા પણ તાકીદ કરવામાં આવી છે. રાજકોટ કલેકટર કચેરીમાં લેન્ડગ્રેબીંગના હાલ ૫૦થી ૫૫ જેટલા કેસો પેન્ડીંગ પડ્યા છે. કલેકટર પ્રભવ જોશી દ્વારા હવે લેન્ડગ્રેબીંગના કેસોની નવી માર્ગદર્શીકા મુજબ જ સુનાવણી હાથ ધરવામાં આવનાર છે. આ માટે રાજય સરકારનું માર્ગદર્શન માગવામાં આવેલ છે. અહીં એ ઉલ્લેખનીય છે કે રાજયમાં લેન્ડગ્રેબીંગ એકટનો દુરૂપયોગ થઈ રહ્યાની ઉઠેલી ફરીયાદ બાદ આ મામલો હાઈકોર્ટમાં પહોંચ્યો હતો જે બાદ હાઈકોર્ટ દ્વારા આ અંગે નવી એક માર્ગદર્શીકા જાહેર કરી દેવામાં આવેલ છે.

# તારું સરનામું આપ, તને મારી નાખવો છે, કહી યુવકને ધમકી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમાં કાલાવાડ રોડ પર રાણી ટાવર પાસે યોગીપાર્કમાં રહેતા યુવકે ઈન્સ્ટાગ્રામ આઈડી પર સમાજ વિશે કરાયેલી અયોગ્ય કોમેન્ટ વિશે આઈડીધારકને ફોન કરતા તેને જેમ ફાવે તેમ બોલી તારું સરનામુ બતાવ ત્યાં આવીને મારી નાખવો છે તેમ કહ્યું હતું તેમજ અન્ય આઈડીધારકે પણ મેસેજ કરી તું કામ કર, મારા ઉપર અઢાર ગુના છે તને ઉપાડી લઈશ તેવી ધમકી આપી જ્ઞાતિપ્રત્યે અપમાનિત કર્યાની ફરિયાદ કરતા તાલુકા પોલીસે એટ્રોસીટી સહિતનો ગુનો નોંધી આરોપીઓને પકડી લેવા કાર્યવાહી કરી છે.

યોગીપાર્કમાં રહેતા અને લોન એજન્ટ તરીકે કામ કરતા વિનોદભાઈ દેવશીભાઈ બગડાએ ફરિયાદ કરી હતી જેમાં આરોપી તરીકે ઈન્સ્ટાગ્રામ આઈડી ડીજેએમ રાઠોડ અને આઈડી સોઢા ગણપતસિંહ નામના ધારકોના નામો આપ્યા




હતા. તા.૨૦-૧-૨૦૨૪ના રોજ ઈન્સ્ટાગ્રામમાં એક રીલ્સ મુકવામાં આવી હતી જેમાં સમાજ વિશે કરાયેલ અયોગ્ય કોમેન્ટ હોય જેથી તેને ફોન કરી વાત કરતા જેમ ફાવે તેમ બોલી મારી નાખવાની ધમકી તેમજ સોઢા ગણપતસિંહ નામના આઈડીધારકે જ્ઞાતિ પ્રત્યે અપમાન કરતો હોય તેને બોલવામાં ધ્યાન રાખવાનું કહેતા તેને હું લખપતનો છું અને મારી પર અઢાર ગુના છે. એક વધારે થાય તો કાંઈ ફેર ન પડે તારે તું લખપત આવી જા કા તુ તારૂ સરનામું આપ એટલે ઉપાડી લવ તેમ કહી તેને પણ ધમકી આપી આપી જ્ઞાતિ પ્રત્યે હડધૂત કર્યો હોવાનું જણાવતા એટ્રોસીટી સહિતનો ગુનો નોંધાયો છે.

# દ્વારકામાં આજથી બે દિ' ઈન્ટરનેશનલ ફીઝીયોલોજી કોન્ફરન્સ

## દેશ-વિદેશના ૨૫૦ થી વધુ નામાંકિત તબીબો ભાગ લેશેઃ ૪૫ સંશોધન પેપર સાથે નવી તબીબી શિક્ષણ પધ્ધતિઓ પર રજુ થશે વકતવ્યો :સોસાયટી ઓફ બેઝીક એન્ડ એપ્લાઈડ ફિઝીયોલોજીની વિવિધ શાખાઓના હોદેદારોની કરાશે વરણી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

દેવભુમિ દ્વારકાના આંગણે આજથી બે દિવસ માટે ઈન્ટરનેશનલ કક્ષાની બેઝીક એન્ડ એપ્લાઈડ ફીઝીયોલોજી કોન્ફરન્સનું આયોજન થયું છે. સોસાયટી ઓફ બેઝીક એન્ડ એપ્લાઈડ ફીઝીયોલોજીના આગેવાનોએ જણાવ્યું હતુ કે સૌરાષ્ટ્રના આંગણે પ્રથમવાર આ પ્રકારનું આયોજન થવા જઈ રહયું છે. જેને લઈને તડામાર તૈયારીઓ હાથ ધરાઈ છે.

હોટલ લેમન ટ્રી પ્રિમીયર દ્વારકા ખાતે આજે તા.૨૧ના સવારે ૧૦ વાગ્યાથી પ્રારંભ થયો છે આ કોન્ફરન્સના અધ્યક્ષસ્થાને વન પર્યાવરણ અને પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરા, ધારાસભ્ય પબુભા માણેક, અમદાવાદ સાલ મેડીકલ કોલેજના ડીરેકટર નિતીનભાઈ શાહ, ડીન હિમાંશુભાઈ જોષી, સોસાયટી ઓફ બેઝીક એન્ડ એપ્લાઈડ ફીઝીયોલોજીના પ્રમુખ ડો.ઉપેન્દ્રસિંહ જાડેજા ઉપસ્થિત રહ્યા હતા

મેડીકલ કોલેજના ફીઝીયોલોજીના પ્રોફેસરો-ફેકલ્ટીને અત્યાધુનીક તબીબી શિક્ષણ અને સંશોધનની માહિતી મળી રહે તે હેતુથી યોજવામાં આવેલ આ કોન્ફરન્સમાં દેશ-વિદેશના ૪૫ થી વધુ સંશોધનપત્રો રજુ થશે. કોન્ફરન્સમાં ૨૫૦ થી વધુ તબીબ-ડેલીગેટસ ભાગ લઈ રહયાં છે. બે ફોરેન્ર્સ તબીબો નવી ટેકનોલોજી અંગે સૌને માહીતગાર કરશે.

કોન્ફરન્સનો સમય પ્રથમ દિવસે શનિવારે સવારે ૯ થી ૫ અને રવિવારે સવારે ૮:૩૦ થી ૫ નો છે. આ દરમિયાન વિવિધ તજજ્ઞો વકતવ્યનો લાભ આપશે.

જેમાં ડો.રીકી મીલીસ (યુ.એસ.એ.) મેન્ટીટીવ ઈલેક્ટ્રોન સેફાલોગ્રાફી ફોર પ્રોબીંગ કોગ્નીટીવ એન્ડ બિહેવીયરલ વિષય પર તેમજ ડો.કુદુર નતબીબી શિક્ષણની નવી પધ્ધતીઓથથ વિષય ઉપર પ્રકાશ પાડશે.

જાણીતા કાર્ડીયોલોજીસ્ટ ડો.ધ્રુવકુમારસિંહ જાડેજા નહ્દયના બંધ પડવાને કારણે એકાએક મૃત્યુના કારણો વિષય પર તેમજ ડો.નિશાંત સંપત મગજના ઓપરેશન દરમિયાન ઈલેક્ટ્રો ફીઝીયોલોજીનું મોનીટરીંગ વિષય પર તેમજ ડો. અપુર્વ પંડયા તબીબી સંશોધન કઈ રીતે કરવા? એ વિષય ઉપર વકતવ્યનો લાભ આપશે.

આ કોન્ફરનસ દરમિયાન સોસાયટી ઓફ બેસિક એન્ડ એપ્લાઈડ ફિઝીયોલોજીની વિવિધ શાખાઓના હોદેદારોની વારણી કરવામાં આવશે. જેમાં ગુજરાત, રાજસ્થાન અને ઉતર પુર્વ ભારતનો સમાવેશ થાય છે. ઉપરાંત ગુજરાતની તબીબી સ્થિતી વિશે પણ આ કોન્ફરન્સમાં મહત્વપુર્ણ ચર્ચા વિચારણા કરાશે.

આ કોન્ફરન્સમાં ઈનકમ ટેક્સ તથા જીએસટીને સંકલિત અલગ અલગ વિષયો પર સમગ્ર દેશમાં જાણીતા અને તજજ્ઞો વક્તવ્ય આપવાના છે. જેમાં દિલ્હી ખાતે રહેતા દેશના અગ્રગણ્ય વકીલ જે. કે. મીતલ અને ગુજરાતનાં યુવા જોશ એવા ઉચિત શેઠ, મુંબઈના નિકીતા બધેકા, જયપુરના એડવોકેટ પંકજ ઘીયા જીએસટીને લગતા મુદ્દાઓ પર તથા ગુજરાત હાઈકોર્ટના સિનીયર એડવોકેટતુષાર હેમાણી, સૌરભ સોપારકર ઈનક્મ ટેક્સને લગતા મુદ્દાઓ પર માહિતીસભર સંબોધન કરશે.




સમગ્ર આયોજનને સફળ બનાવવા ચેરપર્સન જે.એમ.જાડેજા(મો.૯૯૨૫૨ ૪૮૨૦૧), વાઈસ ચેરપર્સન ડો.નીતા મહેતા, ઓર્ગેનાઈઝેશન સેક્રેટરી ડો.રાજુલા ત્યાગી, ડો.સીમંતીની રાવ, ડો.રોશની સુથાર, ડો.મિલાપ સોલંકીના માર્ગદર્શન હેઠળ આયોજન સમિતીના સભ્યો જહેમત ઉઠાવી રહયાં છે.

# લીંબડી નજીક થર્ટી ફર્સ્ટ માટે આવતો રૂ.૩૦.૮૧ લાખના દારૂ ભરેલા ટ્રક સાથે બે શખ્સોની ધરપકડ

**મુખ્ય સમાચાર, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જિલ્લામાં લીબડી હાઈવે પર પેટ્રોલિંગ કરી રહેલ એલસીબી ટીમને પાણશીણાથી લીંબડી તરફ ટ્રકમાં દારૂ આવતો હોવાની બાતમી મળતા ઓનેસ્ટ હોટલ પાસે વોચ રખાઈ હતી. જેમાં પંજાબથી કચ્છના સામખીયાણી જતો વિપુલ માત્રામાં વિદેશી દારૂ અને બિયર પકડાયુ હતુ. પોલીસે ટૂંકના કલીનર- ડ્રાઈવરને દારૂ, બિયર, ટ્રક, પ્લાસ્ટીક સ્ક્રેપ સહિત રૂ. ૪૯,૩૭,૧૧૭ની મત્તા સાથે ઝડપી લઈ ૩૧ ડિસેમ્બર પહેલા દારૂ એકત્ર કરવાના બુટલેગરોના કીમિયા પર પાણી ફેરવી દીધુ છે.થર્ટી ફર્સ્ટ દારૂનો સ્ટોક કરવા લાગ્યા છે. ત્યારે પંજાબથી કચ્છ જતા વિદેશી દારૂના જથ્થાને એલસીબી ટીમે લીંબડી હાઈવે પરથી ઝડપી લીધો છે.





મળતી માહીતી મુજબ એલસીબી પીઆઈ જે.જે.જાડેજાની સુચનાથી સ્ટાફના પીએસઆઈ જે.વાય. પઠાણ, ફુલદીપભાઈ, પ્રવીણભાઈ, વજાભાઈ સહિતનાઓ લીંબડી હાઈવે પર બુધવારે સાંજે પેટ્રોલિંગ કરી રહ્યા હતા.

ત્યારે પાણશીણાથી લીંબડી તરફ ટ્રકમાં વિદેશી દારૂ આવતો હોવાની બાતમી મળતા ઓનેસ્ટ હોટલ પાસે વોચ રખાઈ હતી. જેમાં શંકાસ્પદ ટ્રક આવતા તેને રોકી તપાસ કરતા ટ્રકમાં પ્લાસ્ટીક સ્ક્રેપની આડમાં વિદેશી દારૂ હોવાનું સામે આવ્યુ હતુ. પોલીસે ટ્રકના ડ્રાઈવર રાજસ્થાનના સુરેશ પોલારામ મેઘવાળ અને કલીનર પારસરામ હીરારામ બીશ્નોઈની પુછપરછ કરતા આ દારૂ પંજાબના લુધીયાણાથી ડ્રાઈવર સહિત બેની ધરપકડ કરાઈ ડુંગરારામ મોહનલાલ મેઘવાળે ભરી આપ્યો હોવાનું તથા દારૂ સામખીયાળી પહોંચાડવાનો હોવાનું જણાવ્યુ હતુ. જયારે ટૂંકમાં તપાસ કરતા પ્લાસ્ટીક સ્ક્રેપની આડમાં વિદેશી દારૂની ૪૧૪૭ બોટલ અને ૬૯૭૧ બીયરના ટીન મળી આવ્યા હતા. પોલીસે રૂ.૩૦,૮૧,૯૫૩નો રૂ. ૭,૨૪,૧૬૪ના બીયર, રૂ.૧૦ લાખનો ટ્રક, રૂ. ૧.૨૦ લાખનો ૧૨૦ મણ પ્લાસ્ટીક સ્ક્રેપ સહિત રૂ. ૪૯,૩૭,૧૧૭ની મત્તા જમ કરી ઝડપાયેલા ૨ ઉપરાંત દારૂ, મોકલનાર, ભરી આપનાર, મંગાવનાર તમામ સામે લીંબડી પોલીસ મથકે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કર્ણાવતી ઈન્ટરનેશનલ સ્કૂલનાં એન્યુઅલ-ડે કાર્યક્રમમાં વાલીઓ મંત્રમુગ્ધ


## શિક્ષકો-વિદ્યાર્થીઓની દિવસની મહેનત ઉડીને આંખે વળગીઃ બાળકોની કૃતિઓ જોઈ માતા-પિતા થયા ભાવવિભોર

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રેલનગરમાં આવેલી કર્ણાવતી ઈન્ટરનેશનલ સ્કૂલમાં બાળકોનું શ્રેષ્ઠ ઘડતર થઈ રહ્યું છે તેવું તમામ વાલીઓને પ્રતિત થયું હતું. પણર્ણાવતી સ્કૂલમાં ભાળકીને શિક્ષણની સાથે સામાજીક ઉત્તરદાયિત્વ અંગે પણ પૂરેપૂરી સમજ આપવામાં આવી હી છે. કર્ણાવતી સ્કૂલ દિવસે ને દિવસે નવા મુકામ સર કરી રહી છે.

કર્ણાવતી સ્કૂલે પ્રતિભાની પરખના આ પર્વમાં ભૂલકાઓની આંતરિક શક્તિઓને નવી ઉડાન આપી હતી. આખો તેમુ ગઢવી હોલ હકડેઠઠ ભરાઈ ગયો હતો. વાલીઓએ ઉત્સાલભેર એન્યુઅલ કે રઊંરજનો કાર્યક્રમ નિહાળ્યો હતો અને અમુક કૃતિઓમાં બાળકો દ્વારા એટલો સરસ અભિનય કરવામાં આવ્યો હતો કે વાલીઓ અને ઉપસ્થિત સૌ કોઈની આંખો ભીની થઈ ગઈ હતી. પણા નાટકી થકી બાળકોના ભવિષ્ય પડતર માટેના સંદેશ અપાયા હતા.

કાર્યક્રમને જીક્ષા મેડમ, દર્શિલ સર અને પાણલ મેડમ હારા હોસ્ટ કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું હીપ પ્રાગટપ રમેશભાઈ પાંભર, અશોકભાઈ પાંભર અને શાળાના ટ્રસ્ટી પ્રફુલભાઈ નડીયાપરા સહિતના આમંત્રિત મહેમાનો દ્વારા કરવામાં આવ્યું હતું. એન્યુઅલ ડે કાર્યક્રમ માટે છેલ્લા ૪૦ દિવસથી શાળાના રીના રાવલ, ચેતન બોરીયા સર સહિતના શિક્ષકો અને ભાળકો દ્વારા તનતોડ મહેનત કરવામાં આવી હતી અને ગુરુવારે તેમૂ ગઢવી હોલમાં યોજાયેલા આ સમારોહમાં આ તમામની મહેનત ઉડીને આંખે વળગે


તેવી હતી.

નાના-નાના ભૂલકાઓથી થાઈને ધો. ૧૧-૧૨ સુધીના વિદ્યાર્થીઓની મહેનત. અને અદભૂત કલાકૃતિઓ જોઈ ઉપસ્થિત વાલીઓ અને આમંત્રિત મહેમાનો મંત્રમુગ્ધ અની ગયા હતા. કાર્યક્રમના તમામ ડાન્સ અને નાટક નિરલ મેડમ, સાથી મેડમ, જાની સર, આણુતોષ સર, મોન્ટુ સર, રૂપા મેડમ, નિરાલી મેડમ, રવિરાજ સર અને હરેશ ગોજીયા સર દ્વારા કોરિયોગ્રાફ કરવામાં આવ્યા હતા.

# SKP સ્કૂલનો વાર્ષિક ઉત્સવ

## 'અજવાળા ભીતરના'ની રંગારંગ ઉજવણી કરાઈ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

માત્ર અભ્યાસજ નહીં વિદ્યાર્થીની આંતરિક પ્રતિભાને ખીલવવા માટેના નમ્ર પ્રયાસ સ્વરૂપે શહેરની SKP સ્કૂલના અત્યંત અનોખા વાર્ષિક ઉત્સવ અજવાળા ભીતરના ની રંગારંગ ઉજવણી શાળાના કુલ ૩૦૦૦ વિદ્યાર્થીઓ પૈકી ૨૦૫૩ વિદ્યાર્થીઓ દ્વારા તા.૧૮ ને બુધવારે હેમુગઢવી હોલ ખાતે દિવસભર અદભૂત રીતે કરાઈ.

શિક્ષણની સાથે સાથે વિદ્યાર્થીઓ અલગ અલગ કળાઓમાં પણ પોતાની પ્રતિભા પ્રદર્શિત કરે એવો હેતુ સાથે કાર્યરત SKP સ્કૂલના નર્સરીથી લઇ ધો.૧૨ સુધીના વિદ્યાર્થી ભાઇ-બહેનોએ ગીત, સંગીત, નૃત્ય અને અભિનયના ઓજસ પાથર્યા. વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ સતત એક મહિનાની મહેનત થકી SKP સ્કૂલના વાર્ષિકઉત્સવમાં પ્રાણ પૂર્યા. સમગ્ર કાર્યક્રમ સવારે ૯ થી રાતન ૧૨ વાગ્યા સુધી પાંચ સેશનમાં યોજાયો હતો. જેમાં દેખાડો નહિં પણ વિદ્યાર્થીઓની આંતરીક શક્તિ ખીલવવાનો સવિશેષ પ્રયાસ કરાયો. જે અંતર્ગત ૧૦૦ કૃતિઓ રજુ કરાઇ હતી. દિકરીઓ ઉપર થતા અત્યાચારને રોકવા પ્રેરતુ નાટક ''નાયરાનો ન્યાય'', જંક ફુડથી બાળકોને દુર રાખી દેશી ખોરાક આપવાનું સબક શિખવાડતું નાટક ''મીલેટ વુમન'', બાળકો પર મોબાઇલની વિકૃત અસરને રજુ કરતુ નાટક ''મોબાઇલથી મન સુધી'' ઉપરાંત સ્કેટીંગ, રાજસ્થાની ફ્યુઝન, તાન્હાજી થીમ, શિક્ષણ થીમ, ડાકલા રાસ, મહીસાસુર વધ, લોક નૃત્ય, ચારણ કન્યા, કસુંબો, વૃક્ષ બચાવો વગેરે જેવી અનેક સંગીત, નૃત્ય અને ગાયનની કૃતિઓ રજુ કરી લોકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

SKP સ્કૂલના અશોકભાઇ પાંભર અને રમેશભાઇ પાંભરે જણાવ્યું હતુ કે, પ્રત્યેક બાળક અનંત શક્તિઓ સાથે જન્મતું હોય છે. તેની અંદર પ્રથમથી જ પૂર્ણતા પડેલી હોય છે. અમારે એ પૂર્ણતાનું પ્રગટીકરણ કરવાનું હોય છે. આ વાર્ષિકઉત્સવ થકી અમે બાળકમાં છુપાયેલી શક્તિઓને યોગ્ય પ્લેટફોર્મ પૂરું પાડવાનું અને સમયાંતરે પ્રોત્સાહન આપવાનું કાર્ય કરીએ છીએ. SKP સ્કૂલ આ કાર્યક્રમ થકી બાળકોના વ્યક્તિત્વને ઘડવાનું કામ કરે છે. અજવાળા ભીતરના કાર્યક્રમ થકી SKP શાળાના વિદ્યાર્થીઓએ તેમની સુષુપ્ત ક્ષમતાઓનું પ્રદર્શન કરી, પ્રોત્સાહિત કરી સંભવિતતાને પુનર્જીવિત કરી હતી.

# જેતપુર બંધ પડેલા સોમનાથ ગાર્ડનમાંથી યુવકની લાશ મળી હત્યા કે આત્મહત્યા? પોલીસે તપાસ હાથ ધરી




જેતપુર શહેરમાં ચંદ્રમૌલેશ્વર મંદિર પાસે બંધ પડેલા સમોનાથ ગાર્ડનમાંથી યુવકની લાશ મળી આવતા ચકચાર મચી જવા પામ્યો હતો.ઘટના સ્થળે પોલીસે પોહચી તપાસ હાથ ધરી હતી. પ્રાપ્ત વિગતો મુજબ જેતપુર શહેરના ચંદ્રમૌલેશ્વર મંદિર નજીક આવેલ બંધ હાલતમાં સોમનાથ ગાર્ડન આવેલ છે જેમાં ૬ વાગ્યા આસપાસ યુવકની લાશ પડી હોવાની જાણ થતાં મોટી સંખ્યામાં લોકો એકત્ર થયા હતા અને પોલીસને જાણ કરી હતી.સ્થળ પર પડેલ મૃતક યુવકના ખીચામાંથી પોલીસને આધાર કાર્ડ મળી આવ્યું હતું જેમાં યોગેશ દાદુભાઈ જાદવ ઉ.વ.૩૪ રહે.બોરડી સમઢિયાળા હોવાની વિગતો જાણવા મળી હતી. પોલીસે ઘટના સ્થળે પહોંચી અને પંચનામુ હાથ ધરીને મૃતકની લાશને પોસ્ટમોર્ટમ અર્થે જેતપુર સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવેલ હતો. મૃતક યુવકના મોઢે ઈજાના નિશાન જોવા મળેલા હતા. આ મામલે જેતપુર પોલીસે તપાસ શરૂ કરી છે.

# ચોટીલાની સરકારી પ્રાથમિક શાળાના ૧૧૦૦ વિદ્યાર્થીઓને રાઈટિંગ પેડ અને પેન ગિફ્ટ અપાયા

**મુખ્ય સમાચાર, ચોટીલા**

(અહેવાલ : મોહસીનખાન પઠાણ)

ચોટીલાના વતની હાલ અમદાવાદ રહેતા નિલેશભાઈ અંબાલાલભાઈ ખંધારના જન્મ દિવસ નિમિત્તે તેમના પત્ની ઉર્વિબેન નીલેશભાઈખંધાર તરફથી ચોટીલાની સરકારી પ્રાથમિક શાળા નંબર ૧(ટાવર ચોક), પ્રાથમિક શાળા નંબર ૨(સાર્વજનિક હોસ્પીટલ સામે), પ્રાથમિક શાળા નંબર ૭(મફતિયા પરા), પ્રાથમિક શાળા નંબર ૮ (પોપટપરા) અને થાન રોડ પર આવેલ આશ્રમ શાળા સહિત તમામ શાળાઓમાં ધોરણ ૧ થી ૮ માં અભ્યાસ કરતા ૧૧૦૦ વિદ્યાર્થીઓને રાઈટિંગ પેડ અને બોલપેનની ગિફ્ટ આપવામાં આવી હતી. જેની વિતરણ વ્યવસ્થા રામ-



રહીમ ફાઉન્ડેશન સંસ્થા દ્વારા કરવામાં આવી હતી. આ તકે અમદાવાદથી દાતા શ્રી નિલેશભાઈ ખંધાર ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને બાળકો સાથે આનંદ કર્યો હતો. પ્રાથમિક શાળા નંબર ૨ ખાતે શાળા આચાર્ય શ્રી હસુમતીબેન મેંઢા દ્વારા દાતાનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# સુબીરના ટીડીઓ એસીબીની ટેપમાં છ હજારની લાંચ લેતાં રંગેહાથ ઝડપાયો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

તાલુકા વિકાસ અધિકારી લાંચ માં ઝડપાતા લાંચિયાં અધિકારીઓમાં ફફડાટ ફેલાઈ ગયો છે વધઈ. ડાંગ જિલ્લાનાં અંતરીયાળ વિસ્તાર નાં સુબીર તાલુકા પચાયત માં એસીબીએ ટેપ ગોઠવી તાલુકા વિકાસ અધિકારી મહેન્દ્ર હાથીવાલાને રૂપિયા લેતાં રંગેહાથ ઝડપી પાડતાં ડાંગ જિલ્લામાં ટકાવારીમાં ગળાડુબ લાંચિયા અધિકારીઓમાં ફફડાટ ફેલાઈ ગયો છે. પોલીસ સુત્રો પાસેથી પામ માહિતી મુજબ ડાંગ જિલ્લો સંપુર્ણ આદિવાસી વસ્તી ધરાવતો જિલ્લો છે અહિંનાં ભોળા આદિવાસી લોકો કોઈને પ્રશ્ન કરતાં નથી તેમની અજાણતાંનો લાભ લઈ લાંચિયા અધિકારીઓ ભ્રષ્ટ્રાચાર આચરવામાં કોઈ કસર છોડતાં નથી કામ માં ટકાવારી થી લઈને ફાઈલો પર સહી કરવા માટે તમામ હદો પાર કરી જાય છે મને કોણ જોય છે તેવું સમજી ભ્રષ્ટ્રાચાર માં ગળાડુબ રહે છે જેનો ઊતમ નમુનો સુબીર તાલુકા પચાયતમાં બન્યો છે ડાંગ નાં એક જાગૃત નાગરીકએ પંદર માં નાણાપંચ યોજનાં વર્ષ- ૨૦૨૩-૨૦૨૪ હેઠળ પેવર બ્લોકની કામગીરી કરી હતી જેમાં એમ.બી.બુક તથા બીલમાં તાલુકા વિકાસ અધિકારીની સહી લેવાની હોય જેનાં અવેજી પેટે રૂ.૬૦૦૦ લાંચ માંગણી કરી હતી સુબીર તાલુકા વિકાસ અધિકારી મહેન્દ્ર બાલુભાઈ હાથીવાલા ઊ.વ.૫૭ પાસે ગયાં હતાં જયાં આ ભ્રષ્ટ્ર અધિકારીએ તેનું કામ કરવાં માટે રૂપિયા રૂ.૬૦૦૦ ની લાંચની માંગણી કરી હતી ફરીયાદી જાગૃત નાગરીક આપવા માંગતાં ન હતાં માટે તેમને વલસાડ નાં લાંચ રૂશવત વિરોધી પોલીસ ઈન્પેકટ વલસાડનાં જે.આર.ગામિત અને તેમની ટીમ (એસીબી) નો સંપર્ક કરતાં એસીબીનાં અધિકારીઓએ તેમની ફરીયાદ સાંભળી લાંચ માંગનાર સુબીર તાલુકા વિકાસ અધિકારી મહેન્દ્ર બાલુભાઈ હાથીવાલા ને રંગેહાથ ઝડપી પાંડવાં માટે સુબિર તાલુકા પચાયતમાં તેમની જ ઓફિસ માં છટકું ગોઠવી આજરોજ સાંજે કલાકે ફરીયાદીને પાસેથી લાંચની રકમ રૂ.૬૦૦૦ લેતાં રંગેહાથ ઝડપી લઈ તેની અટકાયત કરતાં ભ્રષ્ટ્ર અધિકારીઓમાં ફફડાટ ફેલાઈ ગયો હતો સુબીરનાં વિવાદાસ્પદ લાંચિયા ટીડીઓ એસીબીનાં છટકા માં સંપડાયાની વાત ડાંગ જિલ્લામાં વાયુવેગે ફેલાઈ ગઈ હતી એસીબીએ ટીડીઓની અટકાયત કરી આગળની કાર્યવાહી હાથધરી છે.

આ સફળ ટેપ સુપરવિઝન અધિકારી મદદનીશ નિયામક,સુરત એકમ આર.આર,ચૌધરીનાં માર્ગ-દર્શન હેઠળ ટ્રેપિગ અધિકારી



જે.આર.ગામિત પોલીસ ઈન્સપેકટર ,વલસાડ અને તેમની ટીમે સફળ બનાવી હતી બોક્ષ- સુબીર ટીડીઓ નિવૃતીનાં આરે હતાં સુબીર તાલુકા વિકાસ અધિકારી મહેન્દ્ર હાથીવાલા ડાંગ જિલ્લામાં ડાંગ જિલ્લા પચાયતનાં ખેતીવાડી વિભાગ માં ગ્રામસેવક તરીકે વર્ષો સુધી નોકરી કરી હતી તેમને આહવા તાલુકા પચાયતમાં વિસ્તરણ અધિકારી તરીકે કામગીરી હતી અને તાલુકા વિકાસ અધિકારી તરીકે ડાંગમાં જ નિવૃત થવાની ગણનાં હતી પરંતુ નોકરીનાં છેલ્લા દિવસોમાં બધુ સમેટી લેવાની તેમની લાંચિયા વૃતીથી તેમની કારકીદી ડાઘ લગાવી પુરી કરી દીધી છે.

# શાપરમાં મંગેતરે દુષ્કર્મ ગુજારી યુવતીને કુંવારી માતા બનાવી દીધી

## ૨૦ વર્ષીય યુવતીએ રાજકોટમાં બાળકીને જન્મ આપ્યોઃ નવજાતની સારવારમાં મોતઃ યુવતી પર અગાઉ સગા પિતાએ બળાત્કાર ગુજાર્યો હતો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શાપર પંથકમાં રહેતી વીસ વર્ષની યુવતિ સતત બે વખત હવસખોરીનો ભોગ બની છે પ્રથમ વખત તેના પર સગા બાપે બળાત્કાર ગુજાર્યો હતો. અને આ હવસખોર બાપે બાદમાં જેલમાં એસિડ પી આપઘાત કરી લીધો હતો. ત્યારબાદ યુવતિની તેના વતનના યુવાન સાથે સગાઈ કરવામાં આવી છે હતી પણ તેને તેણી સાથે દેહસંબંધ બાંધી ગર્ભ રાખી વતન ભાગી ગયો હતો અને આ યુવતિએ રાજકોટની હોસ્પિટલમાં દાખલ થતાં કુવારી માતા બની હતી, તેણે દિકરીને જન્મ આપ્યો હતો. અને આ નવજાત બાળકીનું સારવાર દરમિયાન મોત થયું હતું. વિગત મુજબ શાપર પંથકમાં રહેતી વીસ વર્ષની યુવતિને સોમવારે રાજકોટ ઝનાના હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. તેણી કુવારી હોઈ છતા પેટમાં ગર્ભ હોઈ પોલીસને જાણ કરાઈ હતી યુવતિના માતાએ કહ્યું હતું કે તેણીની સગાઈ થઈ હતી અને મંગેતરે તેણીને ભોળવીને શરીર સબંધ બાંધી લીધો હતો. આ કારણે તેણીને ગર્ભ રહી ગયો હતો.

બીજી તરફ મંગેતર પોતાની માતાને લઈને વતન ભાગી ગયો હતો દિકરીને ગર્ભ રહી ગયાના છ મહિના બાદ પોતાને ખબર પડી હતી પણ પછી ગર્ભપાત થઈ શકે તેમ ન હોઈ પોલીસને ઘટનાની જાણ કરી હતી દરમિયાન આ યુવતિને પેટમાં દુખાવો થતાં રાજકોટ ઝનાના હોસ્પિટલમાં ખસેડાઈ હતી. અહિ તેણીએ દિકરીને જન્મ આપ્યો હતો. આ દિકરીનું સારવારમાં ગઈકાલે મૃત્યુ થયું હતું. જેથી શાપર પોલીસને જાણ કરવામાં આવી હતી. યુવતી પર અગાઉ તેણી પર સગા બાપે બળાત્કાર ગુજાર્યો હતો.

આ હવસખોર બાપે જેલમાં એસિડ પી લેતાં તેનું સારવારમાં મોત થયું હતું. એ પછી તેણીને મંગેતરે પણ હવસખોરીનો શિકાર બનાવી હતી.આ બનાવ અંગે શાપર પોલીસને જાણ કરવામાં આવી હતી.

# રાજકોટ ક્રાઈમ બ્રાન્ચે ફૂટ-ગરમ વસ્ત્રોની રેંકડી કાઢી, રિક્ષા ચલાવી હત્યારાને પકડયો!







## 12 વર્ષ પૂર્વે ભક્તિનગરમાં માતા અને પત્નીની હત્યા કરી યુપીના ગાઝીયાબાદમાં છુપાયો હતો : ત્રણ દિવસ સુધી ગીચ વિસ્તારમાં ડેરા નાખી દબોચ્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ડબલ મર્ડરના આરોપીને પકડી પાડવા માટે ઉતરપ્રદેશના ગાઝીયાબાદ ખાતે ગીચ વિસ્તારમાં ડેરા નાખવામાં આવ્યા હતા.અને ફૂટ-ગરમ વસ્ત્રોની રેંકડી કાઢી, રિક્ષા ચલાવી રેકી કરીને ત્રણ દિવસની મહેનત બાદ હત્યારાને પકડી પાડવામાં આવ્યો હતો.

વિગત મુજબ રાજકોટમાં ભક્તિનગર પોલીસ મથક વિસ્તારમાં ૧૨ વર્ષ પૂર્વે પવન ઉર્ફે પ્રવિણ રામશંકર શર્મા નામનોઆરોપી દ્વારા તેની માતા અને પત્નીની હત્યા કરવામાં આવઈ હતી અને તે છેલ્લા બાર વર્ષથી પોલીસ પકડથી દૂર હતો. ત્યારે ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ એમ.આર.ગોંડલીયા, એમ.એલ. ડામોર, સી.એચ જાદવના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એ.એન.પરમાર તથા ટીમના કર્મચારી પૈકી એ.એસ.આઈ, જલદિપસિહ વાઘેલા, હેડ કોન્સટેબલ કૃષ્ણદેવસિહ ઝાલા, કોન્સટેબલ હરસુખભાઈ સબાડ તથા મોહિલરાજસિહ ગોહિલને મળેલ ચોક્કસ બાતમી મળતી હતી કે, આરોપી પવન ઉર્ફે પ્રવિણ ઉત્તરપ્રદેશના ગાઝીયાબાદ ખાતે છુપાયેલો છે.જેથી ટીમ દ્વારા તે વિસ્તારમાં જઈ ફૂટ- ગરમ વસ્ત્રોની રેંકડી કાઢી, રિક્ષા ચલાવી રેકી ત્રણ દિવસ રેકી કરી હતી.ઉપરાંત હિન્દી ભાષા બોલવામાં ખાસ પ્રભુત્વ મેળવ્યું હતું.અને બાતમી આધારે આરોપી તે વિસ્તારમાં આવતા જ ટીમ દ્વારા પકડી પાડવામાં આવ્યો હતો. અને તેને ભકિતનગર પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો હતો.વધુમાં જાણવા મળ્યું હતું કે, આરોપી પવન ઉર્ફે પ્રવિણ રામશંકર શર્મા રાજકોટમાં કોઠારીયા રોડ હુડકો ક્વાર્ટર પાછળ ૧૨ વર્ષ પૂર્વે રહેતો હતો.અને ત્યારે તેના દ્વારા માતાની અને પત્નીની હત્યા કરવામાં આવી હતી.

# ધરમનગર કવાર્ટરમાં યુવક ઉપર પૂર્વ પ્રેમિકાની સહેલીઓનો પાઈપ વડે હુમલો



શહેરના ધરમનગર કવાર્ટરમાં રહેતા યુવાનને તેની પૂર્વ પ્રેમીકાની બહેનપણીઓએ લોખંડના પાઈપથી લમધારી નાંખતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમા ખસેડાયો છે.જાણવા મળતી વિગત મુજબ ધરમનગર કવાર્ટરમાં રહેતો હિતેષ કાનજીભાઈ પાટડીયા (ઉ.વ.૩૭) નામનો યુવાન ગત રાત્રે ઘર પાસે હતો ત્યારે પારૂલબેન, સગુણાબેન અને તેની સાથેના શખ્સોએ લોખંડના પાઈપ વડે હુમલો કરી માર મારતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો છે.પ્રાથમિક તપાસમા હિતેષને અગાઉ ઉર્મી નામની યુવતી સાથે પ્રેમસંબંધ હતો બાદમા બંને વચ્ચે અણબનાવ બનતા પ્રેમસંબંધ તોડી નાંખ્યો હતો હાલમા ઉર્મી તેની બહેનપણીઓ સાથે રહેતી હોય જેથી ઉર્મીની બહેનપણીએ ફોન ઉપર ઉશ્કેરણી કરી બોલાચાલી કરતી હતી દરમિયાન ગઈ કાલે હુમલો કર્યો હતો. મવડી વિસ્તારમા નવલનગર શેરી નં ૯ મા વિનાયકનગરમા રહેતો સંજય રઘુભાઈ ડોડીયા (ઉ.વ. ૨૬) નામનો યુવાન ગઈ કાલે સાંજે વિશ્વનગર પાસે હતો ત્યારે નૈમિષ પટેલ અને રાજદીપ મણે ઝઘડો કરી માર મારતા તેને સારવાર માટે હોસ્પિટટલમા ખસેડાયો હતો.

# લક્ષ્મીવાડીમાં યુવકને સમાધાન માટે બોલાવી ૮ શખ્સોએ કર્યો હુમલો

## બહેનને ગાળો દેવા મુદ્દે સમાધાનમાં ભેગા થતા પાઈપ વડે તૂટી પડ્યા



શહેરના લક્ષ્મીવાડીમા સમાધાન માટે બોલાવી વડવાજડીના યુવાન પર ૮ શખ્સોએ લોખંડના પાઈપથી હુમલો કરતા તેને ઈજાગ્રસ્ત હાતલમા સારવાર માટે સિવિલ હોસ્પિટલમા ખસેડાયો હતો. જાણવા મળતી વિગત મુજબ કાલાવડ રોડ પર વડ વાજડી ગામે રહેતો ચિરાગ ખીમજીભાઈ ડાંગર (ઉ.વ. ૨૩) નામનો યુવાન બપોરે લક્ષ્મીવાડી શેરી નં ૮ મા હતો ત્યારે રૂષિ મનાણી અને તેની સાથેના ૭ શખ્સોએ લોખંડના પાઈપ વડે હુમલો કરી માર મારતા તેને ઈજાગ્રસ્ત હાલતમા સારવાર માટે સિવિલ હોસ્પિટલમા ખસેડાયો છે.પ્રાથમિક તપાસમાં ચિરાગ બિલ્ડીંગ મટીરીયલ્સનો ધંધો કરે છે. તેની બહેનને આરોપીએ ગાળો આપી હોય જે બાબતે સમાધાન કરવા માટે બોલાવ્યા બાદ ઝઘડો કરી લોખંડના પાઈપથી માર માર્યો હતો. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી ભકિતનગર પોલીસને જાણ કરતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# ગોંડલ રોડ પર એસટી વર્કશોપ સામે અજાણ્યા વૃદ્ધની સળગેલી લાશ મળી

## બનાવ હત્યા કે આત્મહત્યા પોલીસે તપાસ હાથ ધરીઃ લાશ પાસેથી ડીઝલ ભરેલું ડબલુ મળી આવ્યુંઃ આત્મહત્યા કર્યાનું પોલીસનું પ્રાથમિક તારણ



(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરની ભાગોળે ગોંડલ રોડ પર આવેલા એસટી વર્કશોપ ની સામેના ભાગે નાલાની નીચે અજાણ્યા વૃદ્ધની સળગેલી લાશ મળી આવતા ચકચાર મચી જવા પામી છે બનાવના પગલે પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી જઈ તપાસ હાથ ધરી છે. પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ગોંડલ રોડ પર એસટી વર્કશોપ સામે ના ભાગે આવેલ રેલવેના નાના નીચે આજે સવારે ૧ અજાણ્યા વૃદ્ધ ની સળગેલી હાલતમાં લાશ પડી હોવાની જાણ માલવિયા નગર પોલીસ ને કરવામાં આવતા પી.આઈ સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયા હતા પોલીસે પ્રાથમિક તપાસ કરતા બનાવ હત્યા કે આત્મહત્યા તે અંગે કાર્યવાહી હાથ ધરી છે લાશ ની બાજુમાંથી એક ડીઝલ ભરેલું ડબલું મળી આવતા પ્રથમ તો પોલીસને આ બનાવ આત્મહત્યાનું હોવાનું કારણ આવ્યું હતું પોલીસે અજાણ્યા વૃદ્ધ ની ઓળખ મેળવવા કવાયત હાથ ધરી છે જ્યારે બીજી બાજુ આ બનાવ ો છે કે આત્મહત્યાનો તે દિશામાં પણ પોલીસની અલગ અલગ ટીમો તપાસના કામે લાગી છે.

# રાજકોટમાં વધુ ત્રણ વિસ્તારોમાં અશાંતધારો લાગુ કરવા તંત્રની કાયવાહી

- રેલનગર- રામનગર- લક્ષ્મીનગરની રજુઆતો સરકારમાં મોકલી એકશન લેવારો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

તાજેતરમાં ધારાસભ્ય દર્શિતાબેન શાહ તેમજ ગઈકાલે ધારાસભ્ય રમેશ ટીલાળા દ્વારા અશાંતધારા મામલે કલેક્ટરને કરાયેલી ફરિયાદ બાદ તંત્ર હવે એક ડઝનથી પણ વધુ વિસ્તારોમાં અશાંત ધારો લાગુ કરવા માટેની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. દરખાસ્તોની ફાઈલ તૈયાર કરવામાં આવી રહી છે અને ટૂંક સમયમાં જ સમગ્ર ફાઈલો રાજ્ય સરકારને મોકલવામાં આવશે. કલેક્ટર વિભાગના સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર શહેરના રામનગર, લક્ષ્મી નગર, રેલનગર સહિતના વિસ્તારોમાં અશાંતધારા લાગુ કરવા માટે કલેક્ટર તંત્ર દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. સૂત્રોએ વધુમાં જણાવ્યું હતું કે કેટલા નવા વિસ્તારોમાં અશાંતધારા લાગુ કરવા માટે તૈયાર શરૂ કરી દેવામાં આવી છે. જેમાં રેવન્યુ વિભાગ, પોલીસ સહિતના તંત્રનો અભિપ્રાય લઈ લેવામાં આવ્યો અને ટૂંક સમયમાં જ વિવિધ પ્રાંત કચરીઓ દ્વારા આ બ ત્યારબાદ કલેક્ટર દ્વારા ટૂંક સમયમાં જ અશાંતધારા અંગેની દરખાસ્ત કરવામાં આવશે. વધુમાં મળતી માહિતી પ્રમાણે હાલ અશાંતધારા અંગેની વિવિધ વિસ્તારોમાં સર્વેની કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે. થોડા સમયમાં જ સમગ્ર ફાઈલોનો અભ્યાસ કર્યા મોકલવામાં આવશે અને ત્યારબાદ કલેક્ટર તંત્ર દ્વારા રાજ્ય સરકારને સમગ્ર રિપોર્ટ કરવામાં આવશે.ત્યારબાદ અશાંતધારા અંગેનો અંતિમ નિર્ણય રાજ્ય સરકારમાંથી મંજૂરી મળ્યા બાદ કલેક્ટર તંત્ર દ્વારા કરવામાં આવશે.

# રૈયા રોડ પર સરકારી જમીનમાં દબાણ કરનારા ૨૦ને આખરી નોટિસ

## જો પાકું બાંધકામ નહીં તુટે તો બુલડોઝર ચાલશેઃ પશ્ચિમ મામલતદાર

સરકારી જમીન પર કાચા-પાકા બાંધકામો ખડકી અને દબાણ કરનાર સામે રાજકોટ કલેકટર તંત્ર દ્વારા લાલ આંખ કરી ડિમોલીશનની કાર્યવાહી કરાઈ રહી છે ત્યારે રૈયા રોડ પર ૨૦ જેટલા લોકોએ બાંધકામ ખડકી દેતા ખાલી કરવા માટે નોટીસ ફટકારવામાં આવી છે અને તોડી પાડવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. રાજકોટ શહેરના રૈયા રોડ પર આવેલ બાપા સીતારામ ચોક નજીક પશ્ચિમ મામલતદાર દ્વારા રૈયા ગામની યુએલસી ફાજલ પ્લોટ સર્વે નંબર ૧૫૬ પૈકીની પાંચ હજારના ચોરસ મીટર જમીન ખુલ્લી કરવામાં આવી હતી. ત્યારબાદ હવે આ વિસ્તારમાં અનઅધિકૃત રીતે ખડકાયેલા ૨૦ જેટલા બાંધકામોને તોડી પાડવા માટે પશ્ચિમ મામલતદાર દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. પશ્ચિમ મામલતદાર કચેરીના સૂત્રોમાંથી માહિતી મળતી અનુસાર રૈયા સર્વે નંબર ૧૫૬ પૈકીની પૈકીની આ જમીનમાં બે હજાર ચોરસ મીટર જમીન ઉપર લાંબા સમયથી ૨૦થી વધુ પાકા મકાનો ઓરડિયો સહિતના બાંધકામો ગેરકાયદેસર રીતે ખડકાયા છે. જેને અન્વયે પશ્ચિમ મામલેદાર તંત્ર દ્વારા આ બાંધકામને તોડી પાડવા માટે નોટિસો ફટકારવામાં આવી છે અને નવા વર્ષમાં જ પશ્ચિમ મામલતદાર કચેરી દ્વારા ડીમોલેશનની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. થોડો સમય પહેલા જ પશ્ચિમ મામલતદાર અજીત જોશી દ્વારા રૈયા રોડ સર્વે નંબર ૧૫૬ પૈકી ૫૦૦૦ ચોરસ મીટર જમીન ખુલ્લી કરવામાં આવી હતી જેમાં ગેરેજ ઓરડીયો સહિતના વર્ષોથી ગેરકાયદેસર બાંધકામો મામલતદાર દ્વારા દૂર કરવામાં આવ્યા હતા ત્યારે ફરી એક વખત પશ્ચિમ મામલતદાર દ્વારા ત્યાં આજુબાજુમાં રહેલા દબાણ અંગે નોટિસ આપતા જ રહેવાસીઓમાં પણ ફફડાટ મચી જવા પામ્યો છે.

# લોન એજન્ટને ઈન્સ્ટાગ્રામ પર જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરી યુઝર્સે આપી ધમકી

## મારી પર અઢાર ગુના છે, એક વધારે થાય તો કાંઈ ફેર નહીં પડે તેવી ધમકી આપનાર શખ્સ વિરુદ્ધ ફરિયાદ


શહેરના કાલાવડ રોડ પર આવેલા યોગી પાર્કમા રહેતા લોન એજન્ટને સોશ્યલ મીડીયા ઈન્સ્ટાગ્રામ આઈડી પરથી જ્ઞાતી પ્રત્યે અપમાનીત કરતા શબ્દોના મેસેજ કરી ધમકી આપ્યા અંગેની રાજકોટ તાલુકા પોલીસ મથકમા ઘટનામા તાલુકા પોલીસ ઈન્સ્ટાગ્રામ પરના બે આઈડી પર તપાસ શરૂ કરી છે. વધુ વિગતો મુજબ શહેરના કાલાવડ રોડ પર આવેલા યોગી પાર્કમા રહેતા વિનોદભાઈ દેવશીભાઈ બગડા નામના ૨૬ વર્ષના યુવાને ઈન્સ્ટાગ્રામ આઈડી જે. એમ. રાઠોડ ૭૭૭૩ અને સોઢા ગણપતસિંહ ૧૯૭૧ વિરૂધ્ધ એટ્રોસીટી એકટ અને ધમકી આપ્યાની ફરીયાદ નોંધાવી હતી. આ ફરીયાદમાં વિનોદભાઈ એ જણાવ્યુ હતુકે તેઓ લોન એજન્ટનુ કામ કરે છે તેમજ ગઈ તા. ૨૦ જાન્યુઆરીના રોજ બપોરના સમયે ઈન્સ્ટાગ્રામ એપમા અમરડીપસિંહ ગોહિલ મુકવામા આવી હતી. જેમા જે. એમ. રાઠોડ ૭૭૭૩ વાળાએ ધાર્મીક લાગણી દુભાય એવો મેસેજ કોમેન્ટમા લખ્યો હતો. જેથી વિનોદે આ આઈડીપર ઓડીયો કોલ કરતા તેમણે થોડીવાર પછી કોલ કરૂ તેમ જણાવ્યુ હતુ. ત્યારબાદ જે. એમ. રાઠોડ નામના આઈડી પરથી જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરતો એક મેસેજ મોકલવામા આવ્યો હતો. જેથી આરોપી એ સરનામુ માગી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને ગાળાગાળી કરી ઈન્સ્ટાગ્રામમા કરવામા આવેલો ઓડીયો કોલ કાપી નાખવામા આવ્યો હતો. ત્યારબાદ વિનોદભાઈના ઈન્સટાગામ આઈડી પર સોટા જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરતો ઓડીયો કોલ આવ્યો હતો. તેમજ આ શખ્સે કોલમાં જણાવ્યુ હતુ કે પોતે લખપતથી છે અને તેમણે અગાઉ ૧૮ ગુના કર્યા છે. તેમજ વધુ એક થઈ જાય તો કાંઈ ફેર નહીં પડે. લખપત આવી જા અને કા તો તારૂ સરનામુ આપ હું ત્યા આવીને તને ઉપાડી લઉં. ત્યારબાદ આ મામલે વિનોદભાઈ એ તાલુકા પોલીસ મથકમા અરજી આપી હતી. આ ઘટનામા તેઓના પિતા બિમારી હોય જેથી તેઓ એ ફરીયાદ કરવામાં મોડુ કર્યુ હતુ અને ગઈ કાલે તેઓએ તાલુકા પોલીસ મથકમા પહોંચી ફરીયાદ નોંધાવી હતી.

# કૌટુંબિક ભાઈના ઝઘડામાં વચ્ચે પડેલા યુવાન ઉપર અજાણ્યા શખ્સોનો હુમલો

રાજકોટ શહેરના કાલાવડ રોડ પર રહેતો યુવાન રીલાયન્સ મોલમાં હતો ત્યારે અજાણ્યા શખ્સોએ માર મારતા તેને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જાણવા મળતી વિગત મુજબ કાલાવડ રોડ પર કટારિયા ચોકડી પાસે હાઉસીંગ બોર્ડ ક્વાર્ટરમાં રહેતો જતીન રમેશભાઈ પરમાર (ઉ.વ.૨૩) નામનો યુવાન ગત રાત્રે રિલાયન્સ મોલના ઉપરના માળે હતો ત્યારે અજાણ્યા માણસોએ આવી કૌટુંબીક ભાઈ પ્રદિપ સાથે ઝઘડો કરતા હતા જેથીતે વચ્ચે પડતા અજાણ્યા શખ્સોએ તેને ઢીકાપાટુનો માર મારતા સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. સદર બજારમાં જુમમા મસ્જીદ પાસે રહેતા આશીફભાઈ યુસુફભાઈ મકરાણી (ઉ.વ.૪૮) રાત્રે ઘર પાસે હતાં ત્યારે અફઝલ, બિમ્બો, દિલો અને દિપુડાએ ઝઘડો કરી તિક્ષણ – હથિયાર વડે માર મારતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો છે.

# માંડા ડુંગરમાં યુવતીએ ફાંસો ખાતા ચૂંદડી તૂટી જતા જીવ બચી ગયો

- આપઘાતનો પ્રયાસ કરનાર યુવતીને સારવાર માટે ખસેડાઈ




**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરના આજીડેમ ચોકડી પાસે આવેલા માંડા ડુંગરમાં રહેતી યુવતીએ ગળાફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જો કે ચુંદડી તુટી જતા જીવ બચી ગયો હતો. તેણીને બેભાન હાલતમાં સારવાર માટે હોસ્પીટલમાં ખસેડવામાં આવી હતી. જાણવા મળતી વિગત મુજબ આજીડેમ ચોકડી પાસે માંડા ડુંગરમાં રહેતી સોનલ જગદીશભાઈ પરમાર (ઉ.વ.૨૦)નામની યુવતિને સવારે પોતાના ઘે ચુંદડી વડે ગળાફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જો કે ચુંદડી તુટી જતા તેણી નીચે પટકાઈ હતી. દરમિયાન પરિવાજનોને જાણ થતા તેઓ દોડી આવ્યા હતા અને બેભાન હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પીટલમાં ખસેડવામાં આવી હતી. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી આજીડેમ પોલીસને જાણ કરી હતી. પ્રાથમિક તપાસમાં આપઘાતનો પ્રયાસ કરનાર સોનલ બે ભાઈની એકની એક બહેન છે. તેના પિતા કારખાનામાં કામ કરે છે. તેણે આ પગલું શા માટે ભર્યું? તે અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

માંડા ડુંગરમાં રહેતી જયાબેન સુરેશભાઈ મકવાણા (ઉ.વ.૩૮) નામની મહિલાએ આજે સવારે પોતાના ઘરે કોઈ કારણસર ફિનાઈલ પી લેતા તેને સારવાર માટે સિવિલ હોસ્પીટલમાં ખસેડવામાં આવી હતી.

# યુનિ. રોડ પર રહેતા યુવાને કણકોટ પાસે શનિવારી બજારના ગ્રાઉન્ડમાં કર્યો આપઘાત

- રઘુનંદન સોસાયટીમાં બીમારીથી કંટાળી યુવકનો આપઘાત



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરમાં યુનિવર્સિટી રોડ ઉપર આવેલ આઈકોન એપાર્ટમેન્ટમાં રહેતા યુવાને કણકોટ રોડ ઉપર આવેલી શનિવારી બજારના ગ્રાઉન્ડમાં કોઈ અગમ્ય કારણસર ઝેરી દવા પી આપઘાત કરી લેતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે.

યુનિવર્સિટી રોડ ઉપર આવેલ આઈકોન એપાર્ટમેન્ટમાં રહેતા વિકી જગજીવનભાઈ જીવાણી નામનો ૩૨ વર્ષનો યુવાન સાંજના પાંચેક વાગ્યાના અરસામાં કણકોટ રોડ ઉપર આવેલી શનિવારી બજારના ગ્રાઉન્ડમાં હતો ત્યારે કોઈ અગમ્ય કરણસર ઝેરી દવા પી લીધી હતી. યુવાનને ઝેરી અસર થતા બેભાન હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેનું મોત નિપજતા પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો. પ્રાથમિક પૂછપરછમાં મૃતક યુવાન બે ભાઈ એક બહેનમાં મોટો હતો અને તેને સંતાનમાં એક પુત્ર હોવાનું જાણવા મળ્યું છે.

બીજા બનાવમાં પોપટપરા મેઈન રોડ ઉપર આવેલ રઘુનંદન સોસાયટીમાં રહેતા વિજય નકુભાઈ જોબલીયા નામના ૩૮ વર્ષના યુવાને બીમારીથી કંટાળી બે દિવસ પૂર્વે ઝેરી દવા પી લીધી હતી. ઝેરી દવા પી લેનાર યુવકનું સારવારમાં મોત નિપજતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે. પ્રાથમિક પૂછપરછમાં વિજયભાઈ બે ભાઈમાં નાના હતા અને તેને સંતાનમાં એક પુત્રી છે. વિજયભાઈ અને તેની પત્ની બીમારીમાં સપડાયા બાદ વિજયભાઈએ બીમારીથી કંટાળી આત્મઘાતી પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું છે. ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.